# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

Web Site:www.suratdeo.org
E-mail: suratdeo@gmail.com
Phone No.0261-2662903
Fax No.0261-2662902

જિલ્લાશિક્ષણાધિકારીકચેરી,
એ/૩, જિલ્લાસેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત

જા.નં. ૨૮૯૨      તા. ૧૩/૦૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તમામ,
જિલ્લો-સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર નાં તા.૦૯/૦૨/૨૦૨૪ નાં પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૦૧૭-૫૬ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ-સુરત

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને જણાવવામાં આવે છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" માટે માન્ય બોર્ડની યાદીમાંથી "બોર્ડ ઓફ ઓપન સ્કુલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન(BOSSE) સિક્કિમ"ને રદ કરવા અંગે બોર્ડની શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિ દ્વારા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ-12(9)(ક)માં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/ 112022/93/છ, તા.07/06/2022 થી થયેલ સુધારેલ જોગવાઇ મુજબ "ઓપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOSનું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના ઓપન બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના ઓપન બોર્ડની ધોરણ-10ની પરીક્ષા ઉત્તીર્ણ કરે તો પણ તેને ધોરણ-11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહી, કારણ કે અન્ય રાજ્યના ઓપન બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી ઓપન બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે."

ઉક્ત બાબત ધ્યાને લઈને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં "બોર્ડ ઓફ ઓપન સ્કુલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન (BOSSE) સિક્કિમના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ, જે અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓએ નોંધ લેવા વિનંતી છે.

તા.૦૯/૦૨/૨૦૨૪

સ્થળ-ગાંધીનગર

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

E:\PC DATA\Desktop\Jamia Urdu Aligarh COBSE list.docx

| |
|---|
| પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર<br>પરિપત્ર-2024 |

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024/1017-56
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.09/02/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય:- ધો-11 માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા બાબત.

સંદર્ભ :- 1. બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2023/1776-1815 તા.19/05/2023.
2. શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો ઠરાવક્રમાંક:112022/93/છ, તા.07/06/2022
3. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.04/11/2023 ની શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:28/2023 અને તા.18/01/2024ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: 764/2024.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો- 11 માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ-(1) દર્શિત પરિપત્ર મુજબ પ્રવેશ આપવામાં આવે છે. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-68 બોર્ડની યાદી કરવામાં આવેલ હતી.

ઉક્ત સંદર્ભ-(1) દર્શિત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.19/05/2023ના 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' પરિપત્રમાં ક્રમ નં.67 થી બોર્ડ ઓફ ઓપન સ્કૂલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન સિક્કિમનો સમાવેશ કરવામાં આવેલ છે. ઉક્ત પરિપત્રમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ-12(9)(ક)માં સુધારા બાબતના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/ 112022/93/છ, તા.07/06/2022 થી થયેલ સુધારેલ જોગવાઇ મુજબ ઓપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOSનું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના ઓપન બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના ઓપન બોર્ડની ધોરણ-10ની પરીક્ષા ઉત્તીર્ણ કરે તો પણ તેને ધોરણ-11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહી, કારણ કે અન્ય રાજ્યના ઓપન બોર્ડનું કાર્યક્ષેત્ર

D:\Jhalak\પરિપત્ર 18-05-2023.docx

સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી ઓપન બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે." બોર્ડ ઓફ ઓપન સ્કૂલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન સિક્કિમનું કાર્યક્ષેત્ર સિક્કિમ પુરતું મર્યાદિત ગણાય, પરંતુ તેઓ દ્વારા દેશભરમાં સેન્ટરો ઊભા કરવામાં આવશે તેમ સિક્કિમ સરકારના તા.08/10/2020 ના ગેજેટમાં જણાવેલ છે. બોર્ડ ઓફ ઓપન સ્કૂલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન સિક્કિમ દ્વારા પ્રાદેશિક શિક્ષણ વિકાસ પરિષદ નવી દિલ્હી નામના NGO ને બોર્ડ અંગેની કામગીરી સોંપવામાં આવેલ છે તેમજ દેશભરમાં સેન્ટરો ઊભા કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનયમો-1974 ના વિનિયમ-12(9)(ક) ની જોગવાઈનો ભંગ થાય છે. જેથી ઉક્ત બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણાને અંતે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને રાખીને સંદર્ભ (3) દર્શિત શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' માટે માન્ય બોર્ડની યાદીમાંથી બોર્ડ ઓફ ઓપન સ્કૂલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન (BOSSE) સિક્કિમ બોર્ડને રદ કરવા અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના: (જાણ સારૂ)

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામક પરીક્ષા(સા.પ્ર. અને વિ.પ્ર.), ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ
- રાજયની તમામ રજીસ્ટર્ડ મા. અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ સારૂ. (બોર્ડના મુખપત્ર માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મારફતે)

D:\Jhalak\પરિપત્ર 18-05-2023.docx